# India supplies medicines to African Countries

May 08, 2020

## ભારત આફ્રિકન દેશોને દવાઓ પૂરી પાડે છે

મે 08, 2020

1. મહામારીનાં પ્રતિભાવમાં, ભારત કોવિડ-19 દ્વારા અસરગ્રસ્ત વિવિધ આફ્રિકન દેશોની સહાયતામાં બીજી બાબતોની સાથે સાથે તત્પર રહ્યું છે. આ આફ્રિકા સાથે મિત્રતા અને એકતાનાં પરંપરાગત રીતે ભારતનાં મજબૂત બંધનોને અનુરૂપ છે, જે છેલ્લા કેટલાક વર્ષોમાં નવી ઉંચાઇઓ પર પહોંચ્યા છે.

2. ભારત આફ્રિકામાં 25 કરતા વધારે દેશોમાં દવાઓનાં પેકેજો રવાના કરી રહ્યો છે. આ દવાઓનાં પેકેજોમાં હાઇડ્રોક્સીક્લોરોક્વિન, પેરાસીટામોલ અને અન્ય દવાઓનો સમાવેશ થાય છે જે મહામારી સામે લડવા માટે તાત્કાલિક રીતે આવશ્યક છે. આ દવાઓ મહામારીનો સામનો કરવા માટે આફ્રિકામાં વિવિધ દેશોનાં રાષ્ટ્રિય પ્રયાસોમાં પૂરક બનવાનું અપેક્ષિત છે.

3. વડાપ્રધાન મોદીએ 17 એપ્રિલ, 2020 નાં રોજ દક્ષિણ આફ્રિકાનાં રાષ્ટ્રપતિ રામાફોસા સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી, જેઓ હાલમાં આફ્રિકન યુનિયનનાં અધ્યક્ષ છે. પોતાની વાતચીતમાં વડાપ્રધાને વાઇરસ સામેનાં સંયુક્ત આફ્રિકન પ્રયાસમાં ભારતનો સંપૂર્ણ સહકાર હોવાનું પાઠવ્યું હતું. વડાપ્રધાને 9 એપ્રિલ, 2020 નાં રોજ યુગાન્ડા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ યોવેરી કાગુટા મુસેવેની સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. વડાપ્રધાને ઈથોપિયાનાં વડાપ્રધાન એબીય અહમેદ સાથે પણ 6 મે, 2020 નાં રોજ વાત કરી હતી.

4. એપ્રિલ 2020 નાં પ્રારંભમાં, વિદેશ મંત્રીએ કોવિડ-19 સામેની લડાઇમાં આફ્રિકન લોકો સાથે ભારતની એકતાનું પુનઃઉચ્ચારણ કરવા અને તેઓ બધાને સહાયતા આપવા માટે કેટલાક આફ્રિકન દેશોનાં સમકક્ષો સાથે પણ વાત કરી હતી. તેની ઑફરની આ દેશો દ્વારા અંતઃકરણપૂર્વક પ્રશંસા કરવામાં આવી હતી.

5. વિદેશ મંત્રાલય દ્વારા તેનાં સાથીદાર એઇમ્સ રાઇપુર સાથે યોજવામાં આવેલ “કોવિડ-19 મહામારી : આરોગ્યસંભાળ વ્યાવસાયિક માટે નિયંત્રણ અને વ્યવસ્થાપન માર્ગદર્શિકાઓ” પર આરોગ્યસંભાળ કર્મચારીઓ અને અન્ય લોકો માટેનો e-ITEC કોર્સ હવે આફ્રિકાનાં તમામ આરોગ્યસંભાળ કર્મચારીઓ માટે બૃહદ કરવામાં આવ્યો છે. મંત્રાલયની આ પહેલને વ્યાપક રીતે આવકારવામાં આવી છે. તે ઉલ્લેખ કરવો યથાર્થ છે કે ITEC પ્રોગ્રામ અંતર્ગત તમામ તાલીમ અને ક્ષમતા નિર્માણનાં સ્લોટ્સનાં 40% કરતા વધારે પરંપરાગત રીતે આફ્રિકન દેશો માટે નિર્ધારિત કરવામાં આવ્યા છે.

**નવી દિલ્હી**
**મે 08, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.